# પ્રાંતિજમાં શાકભાજીના ભાવ આસમાને મહિલાઓનું બજેટ ખોરવાયું



## હોલસેલ તથા છુટક શાકભાજીના વેપારીઓ પણ વધતા ભાવ જોઈ હેરાન થઈ ગયા

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં હાલ શાકભાજીના ભાવોએ ભડકો પકડ્યો છે. ત્યારે પ્રાંતિજ તથા તાલુકામાં ગૃહીણીઓના બજેટમાં પણ મોટો ફટકો પડ્યો છે અને ગૃહીણીઓના અન્ય આયોજન ઉપર પણ ગ્રહણ લાગી ગયું છે.

મળતી માહિતી મુજબ જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકામાં શાકભાજીના ભાવો એકદમ આશમાને પહોંચી જતાં ગૃહીણીઓના રોજીંદા ખર્ચ ઉપર અને તેમના બજેટમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે. ત્યારે શાકભાજી ખરીદી કરતી વેળાએ પણ ગૃહીણીઓમાં વેપારીઓ જોડે કચકચ જોવા મળે છે. ગવાર, રીંગણ, કારેલા, દૂધી, ટામેટાં, ભીંડા, મરચા, ધાણા, કંકોળા, બટાકા, ડુંગળી વગેરે શાકભાજીના ભાવો છેલ્લા એક અઠવાડિયાથી આસમાને પહોંચતા રોજીંદુ જીવન જરૂરિયાતમાં લેવાતું શાકભાજીના ભાવમાં ધરખમ વધારો થતાં ગૃહીણીઓના અન્ય આયોજનો ઉપર પણ બ્રેક લાગી છે અને ગ્રામ્ય વિસ્તારમાં તો હાલ શાકભાજી છુટકમાં એક કિલોએ ૬૦ રૂપિયાના ભાવે વેચાય છે. જેમાં ભીંડા, રવૈયા, કારેલા, મરચાં, ગીલોડી, પરવર, સુરણ, ચોળીનો ભાવ ૧ કિલોએ ૬૦ રૂપિયામાં વેચાય છે. **(સંજય રાવલ, પ્રાંતિજ)**

# મોડાસામાં પ્રરપ્રાંતિય મહિલા પર એસિડ હુમલો

મોડાસા, તા. ૪

ગુજરાત રાજ્ય અને મોડાસા શહેરમાં મહિલા સશક્તિકરણ અને મહિલાઓની સલામતીની લીરેલીરા ઉડાડતી ઘટના બની હતી. મોડાસા શહેરના બસસ્ટેન્ડ સામેના દાદુ શોપિંગ સેન્ટરમાં કેટલાક સમયથી અર્ધપાગલ પરપ્રાંતિય મહિલાએ આશરો લીધો હતો. માનવતાનું અધઃ પતન જેવી કલંકીત ઘટનામાં ત્રણ દિવસ અગાઉ આ મહિલા પર કોઈ અજાણ્યા શખ્સે જલદ પ્રવાહી છાંટી એસીડીક હૂમલો કરી ફરાર થઈ ગયો હતો.

શરીર દાઝી જવાથી મહિલા ત્રણ દિવસથી કણસતી અને ચીસાચીસ બુમો પાડતા દાદુ શોપિંગમાં રેડીમેઈડ કપડાની દુકાનના માલિક બાબુભાઈ દ્વારા મોડાસા શહેરમાં જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષીને જાણ કરતાં નિલેષભાઈ જોષીએ ૧૦૮ એમ્બ્યુલન્સે જાણ કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ સ્થળ પર આવી હતી. પરંતુ ગભરાયેલી અર્ધપાગલ મહિલાએ ગુજરાતી ભાષાથી અજાણ મહિલાએ ૧૦૮માં બેસવાની ના પાડી ઓટો ઓટોની બૂમો પાડતા ૧૦૮ના સ્ટાફ અને ઉપસ્થિત લોકોએ મહિલાનો રીક્ષામાં બેસાડી મોડાસા પીએચસીમાં સારવાર અર્થે ખસેડી હતી. સરકારી તબીબોએ અર્ધપાગલ મહિલાને તાત્કાલિક સારવાર આપતાં રાહત થઈ હતી. આ મહિલા તમીલ જેવી ભાષા બોલતી જણાતાં મોડાસામાં રહેતા રેજીમોન વાઈ નામના તમીલને બોલાવી મહિલા જોડે સંવાદ કરતાં અર્ધપાગલ મહિલાએ ચેન્નાઈની હોવાનું જણાવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મહિલાના દુર્ગંધ મારતા કપડા બદલાવી નવા પહેરાતાં મહિલા કણસતી હોવા છતાં ખુશીથી જુમી ઉઠી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અત્યારે નવુ બિલ્ડીંગનું કામકાજના લીધે હંગામી ધોરણે અન્ય જગ્યાએ ચલાવાતુ હોવાથી આવા દર્દીઓને રહેવાની કોઈ સુવિધા ન જણાતા તબીબો પણ લાચાર જણાતા હતા.



મોડાસાના જીવદયાપ્રેમીએ મહિલાની સંપૂર્ણ સારવાર કરાવ્યા બાદ જણાવ્યું હતું કે આ અર્ધપાગલ મહિલા જોડે વાત કરતાં અંગ્રેજીમાં અડધુપડધુ પોતાના રહેઠાણની માહિતી આપતા આ અંગે જરૂરી તપાસ કર્યા પછી મહિલાને તેના વતન પહોંચતી કરવામાં આવશે ત્યાં સુધી આ પરપ્રાંતિય મહિલાને રાજેન્દ્રનગર ચોકડી પર આવેલા 'સહયોગકૃષ્ણ યજ્ઞ' આશ્રમમાં આશરો આપવા સંસ્થાપક સુરેશભાઈ સોનીનો સંપર્ક કરી પર પ્રાંતિય મહિલાને રહેવા માટે અને જમવા માટે યોગ્ય ગોઠવણ કરવામાં આવશે. 'એક બાજુ માનવતા ઉજાગર બીજા બાજુ માનવતાના અધઃ પતન'ના દશ્યો જોવા મળ્યા હતા.

**(જય અમીન, મોડાસા)**



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

બાવીશી ગોમતીવાડ બ્રહ્મસમાજના અગ્રણી મોહનલાલ જોષીની પૂણ્યતિથિ નિમિત્તે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા મહેશભાઈ ગોરની વ્યાસપીઠે સુંદરકાંડ યોજાયો હતો. આ પ્રસંગે પરિવારજનો તેમજ ધર્મપ્રેમી જનતાઓ ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.

# તલોદની પરિણીતા ગુમ થતા પરિવારજનો ચિંતિત

તલોદ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગરના શ્રમજીવી પરિવારની ૫ બાળકોની માતા એવી એક મહિલા કોઈ અગમ્ય કારણોસર ગુમ થઈ જતાં શ્રમજીવી પરિવારમાં વ્યથાની લાગણી ઉદ્ભવી છે. ગુમ થયેલ મહિલાની ભાળ ન મળતાં થાકીને તેણીના પતિએ તાજેતરમાં તલોદ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

તલોદના રામનગર વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારો પૈકીના જયંતીજી હિરાજી મારવાડીની પત્ની આશા (ઉં.વ. આ. ૩૫) અંદાજીત સવા માસ પૂર્વે ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કે જાણ સુદ્ધા કર્યા વિના કોઈક અગમ્ય કારણોસર ક્યાંક ચાલી ગયેલ છે. આશાના પતિ જયંતીજી રાજસ્થાન ગયા હતા ત્યારે તે સમયગાળા દરમ્યાન આમ આશાએ ઘર છોડી દેતાં તેણીના ગુમ થયાની ભિતરમાં અનેક તર્કવિતર્કો થઈ રહ્યા છે. આશાના કોઈક સઘડ મળશે અને કાળજાના ટુકડા જેવા ૫ બાળકોને રઝળતા મુકી ચાલી ચાલી ગયેલી આશા પરત આવશે અને તેના ઠામ ઠેકાણાની જાણ પણ થશે તેવી ઊંડી આશા સાથે આ શ્રમજીવી પરિવારે આદરેલી શોધખોળ નિરાશામાં પરિણમીને નિષ્ફળ રહી છે. જેથી સમયાંતરે પરિવારે પોલીસને જાણ કરવાનો નિર્ણય કર્યો હતો.

જયંતીભાઈ મારવાડીની ગુમ થયેલ પત્ની આશા ૪ દિકરા અને ૧ દિકરી મળી કુલ ૫ સંતાનોની માતા છે. તેમ છતાં તેણે આમ ઘર છોડવાનું આકરૂ પગલું કેમ ભર્યુ હશે? તેવો પણ સવાલ પેદા થયો છે. આશાને કોઈ લલચાવી ફોસલાવીને લઈ ગયેલ હશે? આશા સલામત હશે? તેવા અનેકાનેક વમળો પેદા થયા છે. જે માટે પોલીસ તપાસ અનિવાર્ય બની છે.

# ઊંઝામાં પાટીદાર અનામતના મુદ્દે ૧૦મી ઓગષ્ટે વિશાળ રેલીનું આયોજન

ઊંઝા, તા. ૪

રાજ્યમાં પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગણી અંગે ચાલી રહેલ આંદોલનને વધુ વેગવાન બનાવવા માટે ઊંઝા તાલુકા સરદાર પટેલ સેવાદળ તથા શ્રી કેવલેશ્વર મહાદેવ યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે આગામી સમયમાં વેપારી મથક અને મા ઉમિયાના ધામ ઊંઝા ખાતે તેમજ અમદાવાદ શહેરમાં યોજાનાર અનામતની માંગણી સંદર્ભેની રેલીનો કાર્યક્રમ ઘડી કાઢવા માટે આજે સાંજે ઊંઝા ખાતે વિસનગર રોડ પર આવેલ શ્રી કેવલેશ્વર મહાદેવ પાર્ટી પ્લોટમાં એક મીટીંગનું આયોજન થયું હતું. જેમાં ઊંઝા તાલુકાના સમસ્ત પાટીદાર સમાજના અગ્રણીઓ, કોંગ્રેસના સ્થાનિક આગેવાનો, સમાજની અગ્રણી મહિલાઓ, યુવાનો વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ બેઠકમાં એસ.પી.જી. ગૃપના પ્રમુખ ભવલેશ પટેલ તેમજ બહારથી આવેલ અગ્રણીઓ ડૉ. પી.સી. પટેલ, નરેન્દ્ર પટેલ વગેરેએ અનામતની માગણીને બુલંદ બનાવી અનામત લઈને જ જંપીશુ તેમ જણાવી આગામી તા. ૧૦મી ઓગષ્ટના રોજ ઊંઝા ખાતે વિશાળ રેલી યોજવાનું નક્કી કર્યું હતું. આ બેઠકમાં પાટીદાર સમાજના સાતથી આઠ હજાર જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં અનામતની માગણીનો સ્વીકાર નહીં થાય તો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાનનો બહિષ્કાર કરાશે અને ખાસ કરીને નોટોનો વિકલ્પ અપનાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# લચ્છાઈ ગામ પાસે મેશ્વો નદી પર પુલ બાંધવા ગ્રામજનોએ આવેદનપત્ર આપ્યું

મોડાસા તાલુકાના લચ્છાઈ ગામની સ્થિતિ વરસાદ શરૂ થતાની સાથે જ વિકટ બની જાય છે. આખે આખુ ગામ ચોમાસાની ઋતુમાં જાણે દુનિયામાંથી વિખુટુ પડી જાય છે. આથી લચ્છાઈ ગામના વ્યથિત ગ્રામજનોએ ગામના એક માત્ર માર્ગ ઉપરથી વહેતી મેશ્વો નદી ઉપર પુલ બનાવવા ફરી એકવાર માંગ કરી છે. ગ્રામજનોએ મોટી સંખ્યામાં જિલ્લા કલેક્ટરને પુલ બનાવવાની માંગ સાથે આવેદનપત્ર આપ્યું હતું.

# રાજ્ય શિક્ષક સંઘમાં મહામંત્રી પદ માટે સતીષ પટેલે ઉમેદવારી નોંધાવી



અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તથા ટિચર્સ મંડળીમાં વર્ષો સુધી ચેરમેન તરીકે સેવા આપનાર સતીષભાઈ પટેલે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં મહામંત્રી પદ માટે ઉમેદવારી પત્ર ગાંધીનગર ખાતે રજુ કર્યું હતું. ઉમેદવારી પત્ર રજુ કરતી વેળાએ રાજ્યમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો, સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને શિક્ષકોએ જીત નક્કી હોવાનો દાવો વ્યક્ત કર્યો હતો.

**(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)**

# અરવલ્લી જિલ્લામાં બાગાયતી પાક પપૈયામાં સતત વરસાદથી ભારે નુકશાન

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મોડાસા અને બાયડ તાલુકાના ભૂમિપુત્રોએ બાગાયતી પાક એવા પપૈયાનું વાવેતર મોટા પ્રમાણમાં સિમાડાઓમાં વાવેતર કરવામાં આવ્યું હતું. પપૈયાની વાડીઓમાં તાજેતરના ભારે વરસાદ અને વાવાઝોડાથી વ્યાપક નુકશાન થતાં મોટાપાયે નુકશાન વેઠવુ પડે તેવી સ્થિતિ પેદા થતા ખેડૂતોની હાલત કફોડી બની છે.

મોડાસા તાલુકાના મેઢાસણ પંથક અને બાયડમાં કેટલાક ઉદ્યમી ભૂમિપુત્રોએ ચાલુ સાલે બાગાયતી પાક એવા પપૈયાનું વાવેતર મોટા પ્રમાણમાં કરવામાં આવ્યું હતું. થોડાક દિવસ અગાઉ અરવલ્લી જિલ્લામાં પવન સાથે મીની વાવાઝોડુ ત્રાટકતા ખેતરોમાં પપૈયાની તૈયાર ઉભા પાકના છોડ પડી જળમૂળથી ઉખડી ગયા છે. અરવલ્લી જિલ્લામાં ચાર-પાંચ દિવસ સુધી અવિરત વરસેલા ધોધમાર વરસાદના પગલે ભારે પવનથી બચી ગયેલો પપૈયાના પાકને ખેતરોમાં વરસાદી પાણી છોડના મૂળમાં વધુ પડતો ભરાવો થતાં ફુગજન્ય રોગ લાગુ પડતા પપૈયાના મૂળીયા ખરાબ અને કોહવાઈ જતા પપૈયાનો પાક નિષ્ફળ જવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.



પપૈયાનો પાક કરેલા ભૂમિપુત્રોએ ફુગજન્ય રોગને અટકાવવા મોંઘીદાટ દવાનો આશરો લઈ પોતાના મહામુલા પાકને બચાવવા પ્રયત્નો કરી કૃષિ નિષ્ણાતોની સલાહ લઈને પપૈયાના પાકમાં આવેલા ફુગજન્ય રોગચાળાને અટકાવવા કવાયત હાથ ધરી છે. મેઢાસણ પંથકના ભૂમિપુત્ર નટુભાઈના જણાવ્યા અનુસાર સતત અનરાધાર વરસાદથી અને ભારે પવનથી અંદાજે એક વીઘે ૧૫ થી ૨૦હજાર રૂપિયાની નુકશાન જવાનો ભય સતાવી રહ્યો છે.

**(જય અમીન, મોડાસા)**

# પ્રાંતિજમાં અદ્યતન તાલુકા સેવાસદનનું લોકાર્પણ કરાયું

## ૧૧ ઓફિસો એક જ જગ્યાએથી લોકસેવાઓ આપશે

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તારમાં રૂપિયા ૯ કરોડના ખર્ચે નિર્માણ પામેલ તાલુકા સેવા સદનનું લોકાર્પણ ૩-૮-૨૦૧૫ના રોજ મંત્રી નીતિનભાઈ પટેલ તથા ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલના હસ્તે વિધિસર લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



પ્રાંતિજમાં લોકોની વિવિધ વહીવટી સેવાઓ, કામગીરી લોકોગી મુખ વહીવટ કરી શકાય અને સમય શક્તિ, ખર્ચનો બગાડ ન થાય તે હેતુથી તાલુકાની ૧૧ જેટલી ઓફિસો પ્રાંતિજ તાલુકા સેવા સદનની ઝડપથી થઈ શકે તે માટે નવ કરોડના ખર્ચે બંધાયેલ અદ્યતન તાલુકા સદનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

આ લોકાર્પણ કાર્યક્રમમાં સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, માજી મંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર પી. સ્વરૂપ, પ્રાંતિજ-તલોદ પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી, પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા, રઈશભાઈ કસ્બાતી તથા ગામજનો તમામ કર્મચારીઓ અગ્રણીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે ફોરલેનની માંગણી ધારાસભ્ય સહિત કરતાં મંત્રીશ્રી પટેલે નવરાત્રી સુધીમાં કામગીરી આપવાની જાહેરાત કરતાં સમગ્ર જનમેદનીએ આ વાતને વધાવી લીધી હતી.

**(તસવીર : સંજય રાવલ)**

# મોટી ચીચણો પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષક ન હોવાથી વાલીઓમાં રોષ

## ભાષા શિક્ષકની ભરતી ન થતાં ગ્રામજનો તાળાબંધીના મુડમાં




મોડાસા, તા. ૪

મોડાસા તાલુકાના મોટી ચીચણો પ્રાથમિક શાળામાં હાલ ધોરણ ૧ થી ૮ સુધીની પ્રાથમિક શાળા આવેલી છે. જેમાં ૨૦૧૨થી ઉચ્ચત્તર પ્રાથમિક શાળા હેઠળ ૬ થી ૮ ધોરણ ચાલુ કરવામાં આવ્યું હતું. તેમજ હાલ ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતા બાળકોની કુલ સંખ્યા ૮૪ છે જેમાં મહેકમ મુજબ ત્રણ શિક્ષકોની જોગવાઈ થયેલ છે. જ્યારે હાલ ગણિત અને સામાજીક વિજ્ઞાનના શિક્ષકો કામ કરે છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી ભાષા શિક્ષકની ભરતી ન થતાં બાળકોના ભવિષ્ય પર સવાલ ઉઠયો છે જેથી વાલીઓ અને ગ્રામજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. આ અંગે એસએમસીએ જિલ્લા શિક્ષણાધિકારી તેમજ નિયામકને વારંવાર લેખીત રજુઆત કરેલ છે. હાલ ભાષા શિક્ષક ન હોવાથી બાળકોના અભ્યાસ પર માઠી અસર પડી છે. જેના લીધે વાલીઓએ પોતાના બાળકોને ખાનગી શાળામાં લઈ જવાની તૈયારી બતાવી છે જેના પગલે એસએમસી અને ગ્રામજનોએ ભાષા શિક્ષકની ભરતી ન થાય તો શાળાને તાળાબંધી કરવાના મુડમાં જણાય છે.

## હેલ્લો ફ્રેન્ડ્સ (ચોથા પાનાનું ચાલુ...)

શરૂ થઈ અને એક દિવસ તૃપ્તિને ઊડવાનો પરવાનો, એટલે કે વિઝા મળી ગયો... લોકો જયાં વિઝા મેળવવા લાઇન લગાડે, ત્યાં એને ફર્સ્ટ એટેમ્પ્ટમાં જ વિઝા મળતાં દિવાળી જેવો માહોલ રચાયો...

જિજ્ઞેશભાઈ - નિવૃત્તિબેન તમે નસીબદાર છો... બહુ સહેલાઈથી વિઝા મળ્યા- જેવી શુભેચ્છાઓ સાથે લોકો મળવા આવ્યાં. અમુક દાઝેલા એવું પણ બોલ્યા... આય, હાય, છોકરીને એકલી મોકલશે? ત્યાંનું વેસ્ટર્ન કલ્ચર, આ રૂપાળી યુવાન કન્યા, આટલો ભરોસો મુકાય? ...અને છોકરી પાછળ તો કોઈ ૨૫-૩૦ લાખ ભણવા પાછળ ખર્ચતું હશે...?

કાન પાછળની આ બધી વાતોથી સમાજની મલિન માનસિકતાને ખડખડાટ હસી કાઢી જિજ્ઞેશભાઈએ ટિકિટ બુક કરાવી દીધી...

હવે તો આ દીકરી ચાલી... મમ્મી-પપ્પાને એક બાજુ અમેરિકા મોકલવાનો ઉમંગ તો બીજી બાજુ દીકરી નજરની દૂર થશે-નું દુઃખ... હમણાં તો ભણવા જાય છે, પછી કદાચ ત્યાં જ જૉબ મળે, ગ્રીનકાર્ડ મળી જાય, એટલે કદાચ આ તો કાયમની ચાલી... લગ્ન કરીને દીકરી સાસરે જાય, એને વળાવવી પડે, એવી જ અવસ્થા આ પરદેશ ભણવા જતી દીકરીઓનાં માબાપની હોય છે... લગ્ન પહેલાંની કન્યાવિદાય...

અમેરિકા જશે, વર્ષે કદાચ એકવાર એના ગરબાના શોખને કારણે પાછી આવે, મમ્મી-પપ્પા પણ એને ત્યાં મળવા જશે, વર્ષે-બે વર્ષે એકાદવાર... પણ એ તો બે-ત્રણ અઠવાડિયાં જ ને? દીકરીનો સહવાસ નહીં મળે તેવી ગ્લાનિ સાથે તૈયારી શરૂ થાય... લગ્નની ખરીદી થાય એમ જ, કપડાં-બૅગ-વાસણ-રોજની જરૂરિયાતની વસ્તુ... અને એરપોર્ટ વળાવવા જવાનું, ચિંતાને કાળજામાં સંતાડવાની, કોરી આંખોથી અને મલકાતાં મોંએ 'યશસ્વી ભવઃ'નો આશીર્વાદ આપવાનો... અને ફલાઈટ ઊડે એટલે વિમાનની અંદર અને બહાર બંને બાજુ અશ્રુઓનો વરસાદ શરૂ થાય, લગ્ન પહેલાંની કન્યાવિદાયનો...!!

**ચૂંટલો :**

દીકરીની કન્યાવિદાય એ ભલભલા બાપને હચમચાવે છે, આ ફોરેન - ઍજ્યુકેશન આવતાં હવે લગ્ન પહેલાંની કન્યાવિદાય જેવો પ્રસંગ આવે છે. કન્યાવિદાયના બબ્બે પ્રસંગે અશ્રુ વહાવતાં મા-બાપ સલામને પાત્ર છે.

## વિચારોના મધુવનમાં (ચોથા પાનાનું ચાલું...)

માટે અરજી કરતા લોકો પર પણ ભારે દંડ કરવામાં આવશે. સાથે જ વિમા વગરની ગાડીઓ પર પણ દંડના દરોમાં પણ ભારે બદલાવ કરવામાં આવ્યો છે. દંડની રમત ૨,૦૦૦ રૂપિયાથી વધારીને ૧ લાખ રૂપિયા સુધીની હોઇ શકે છે. જો કે દંડ ગાડીઓ અનુસાર વસુલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે દેશમાં ૭૦ ટકાથી વધારે ગાડીઓનો વિમો નથી.

નવા બિલમાં ગાડીઓના માલિક અને ચાલક પર જ નહી, વાહનોના નિર્માતા પર પણ દંડની જોગવાઈ છે. બિલ અંતર્ગત જો ગાડી ખોટી ડિઝાઈન કે પછી ઉત્પાદનમાં ક્ષતિ પકડાઈ જવા પર નિર્માતાને રિકોલ(ગાડી પાછી ખેંચવી) પડશે, જો તેઓ આવું નહી કરે તો દંડ અને સજાની જોગવાઈ છે. સાથે જ તે પણ જોગવાઈ છે કે જો ગાડીની ડિઝાઈનમાં ક્ષતિ જણાઈ તો ૫ લાખ રૂપિયા સુધીનો દંડ અને રિકોલ કરવાથી ઈન્કાર કરવા પર ત્રણ મહિનાની સજા કે પછી ગાડીની કિંમત બરાબર દંડ વસુલવમાં આવશે.

આ ખરડો સાથે સંકળાયેલા એક અધિકારી અનુસાર રેડ લાઈટ જંપ કરવા પર, સીટ બેલ્ટ નહીં બાંધવા અને દુર્ઘટનામાં બાળકના મોત પર પણ દંડ ચૂકવવો પડશે. બિલમાં દરેક ગુનામાં નેગેટિવ સ્કોરિંગ કરવામાં આવશે અને એક સ્તરથી વધારે નેગિટિવ સ્કોર પર લાઈસન્સ જ કરી લેવામાં આવશે.

લવરમૂછીયા છોકરાઓ શરીરે તો વધી ગયા હોય છે પણ અનુભવમાં અને તાલીમમાં પાછા પડતા હોવાથી બાઈક ચલાવવામાં આગળ વધી જાય છે. લખનૌમા હમણાં સ્વાસ્થ્યપ્રધાન અહમદ હસનની ગાડી દારુલસફા ગેટ પર 'નો પાર્કિંગ ઝોનમાં ભેલી મળી. રણવિજયસિંહે ગાડીને ક્રેનથી ઉઠાવીને એન્ફોર્સમેન્ટ બુથ પર પહોંચાડી દીધી. ત્યારબાદ પ્રધાનના સ્ટાફમાંથી ફોન આવવા લાગ્યા.

પ્રધાને એએસપી ટ્રાફિક બ્રિજેશકુમાર મિશ્રાને ફોન કર્યો તો તેમણે દંડ જમા કર્યા વગર ગાડી છોડવાનો ઈનકાર કર્યો. ત્યારબાદ ચાલકે પોતાના સહયોગી પાસે ઉધાર પૈસા લઈને દંડ ભર્યો ત્યારે ગાડી છૂટી. એએસપી ટ્રાફિક બ્રિજેશકુમાર મિશ્રાના આદેશ પર જારી અભિયાનના બીજા દિવસે દારુલસફા લાલબાગ વિસ્તારમાં નો પાર્કિંગ ઝોનમાં ઊભેલી ગાડીઓ ઉપર કાર્યવાહીનું અભિયાન ચલાવાયું. આ દરમિયાન સ્વાસ્થ્યપ્રધાનની ગાડી પણ નો પાર્કિંગ ઝોનમાં ઊભેલી હતી. સીપીઆઈ શીતલા પાંડેએ ક્રેનચાલક મોહંમદ રુમાનને ઈશારો કર્યો. તે એક વખત લાલ લાઈટ જોઈને પાછો ફર્યો, પરંતુ સીએસ હિંમત બતાવતાં કાર્યવાહી માટે કહ્યું.

ગાડી ઉઠાવી લેવાઈ. ત્યારબાદ પ્રધાનના ચાલક અજયે બુથ પર આવીને પોલીસને ગાડી છોડવા કહ્યું. કર્મચારીઓએ અધિકારીઓના આદેશ વગર ગાડી છોડવાનો ઈનકાર કર્યો. પ્રધાનના કાફ્લાની વધુ એક લાલ લાઈટવાળી ગાડી લોબિંગ કરવા પહોંચી ગઈ. ઘણા સમય બાદ ગાડી ના છોડાઈ તો ચાલકે પ્રધાનના પીઆરઓને સૂચના આપી. પીઆરઓએ પહેલાં સીએસ પછી એસપી સાથે વાત કરી, પરંતુ રાહત ન મળી. એકાદ કલાકના ડ્રામા સુધી પણ ગાડી ન છોડાઈ ત્યારે ડ્રાઈવરે દંડના ૧૦૦૦ રૂપિયા મોકલવા માટે ફોન કર્યો. રૂપિયા લઈને કોઈ ન આવ્યું તો ચાલકે પોતાના એક સહયોગી પાસેથી પૈસા ઉધાર લઈને દંડ ભર્યો.

એએસપી બ્રિજેશકુમાર મિશ્રનું કહેવું છે કે શહેરમાં ટ્રાફિકજામની સમસ્યા સૌથી ગંભીર મુદ્દો છે, તેમાં સુધારા માટે દરેક શક્ય પ્રયાસ થઈ રહ્યો છે. આવા સંજોગોમાં રોડ પર પાર્કિંગ કરનાર કોઈ પણ વ્યક્તિને છોડવામાં નહીં આવે. મોટી કાર લાવવી એ આપણી જરૂરીયાત હોઈ શકે પણ તેની સાથે માર્ગ પરની સાવચેતી અને સુરક્ષા રાહદારી માટે જરૂરીયાત બની જાય છે. એક અકસ્માત કાર ચાલકને ગુનેગાર માત્ર નથી બનાવતો પણ કોઈના જીવન સાથે રમતો મોતનો સોદાગર બનાવી જતો હોય છે.